# સોશિયલ સાઈટ પર કરેલી પોસ્ટ પોલીસને આમંત્રણ આપી શકે છે

ટેકનોલોજીના વિકાસના કારણે આજે વિશ્વ એક નાનું ગામડું બની ગયું છે. જ્યાં દરેક વ્યક્તિ એકબીજા સાથે સરળતાથી કનેક્ટ કરી શકે છે. તેમાં પણ ઈન્ટરનેટના કારણે આજે હજારો કિ.મી બેઠેલા લોકોની સાથે આપણે સરળતાથી જોડાઈ શકીએ છીએ. ઈન્ટરનેટ ટેકનોલોજી અને તેની અંદરની વિવિધ સોશિયલ નેટવર્કિંગ સાઈટનો આજે સૌથી વધુ ઉપયોગ યંગસ્ટર્સ કરે છે. તેમાં પણ ફેસબુક, ટ્વિટર જેવી સોશિયલ નેટવર્કિંગ સાઈટનો યંગસ્ટર્સ સૌથી વધારે ઉપયોગ કરે છે. પણ તેમને ખબર હોતી નથી કે આ સોશિયલ નેટવર્કિંગ સાઈટ તમને જેલ પણ મોકલી શકે છે. કોઈ પણ સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર રાતે કરેલી પોસ્ટ સવારે તમારા ઘરે પોલીસને આમંત્રિત કરી શકે છે. આ શબ્દો છે ઈન્ટરનેટ લૉ તજજ્ઞ ડૉ. નિખિલ મોરેના જેમણે આઈ.આઈ.ટી ગાંધીનગર ખાતે



યોજાયેલા પોતાના લેક્ચરમાં સ્ટુડન્ટ્સને સંબોધીને આ વાત કહી હતી.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર ખાતે 'ધ સેક્શન ઓફ ઈફેક્ટ ઓફ ધ ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ અને તેના ફાયદા અને ગેરફાયદા' વિષય પર લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાયબર લૉ નિષ્ણાત ડૉ.નિખિલ મોરેએ સ્ટુડન્ટ્સને કેવી રીતે સોશિયલ નેટવર્કિંગ સાઈટનો ઉપયોગ કરવો અને તેના ગેરફાયદાથી કેવી રીતે બચી શકાય તેની સચોટ માહિતી સ્ટુડન્ટ્સને ઓપન ડિસ્કશનમાં આપવામાં આવી હતી. આ સાથે સોશિયલ નેટવર્કિંગ સાઈટનો કેવી રીતે કાળજી પૂર્વક ઉપયોગ કરવો તેની પણ માહિતી આપી હતી.

આ અંગે વધુ જણાવતા નિખિલ મોરે કહે છે કે આજે સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર દરેક વ્યક્તિ પોતાના અંગત વિચારો લોકોની સાથે શેર કરતી થઈ છે. પણ ઘણા લોકો તેમના પોસ્ટ કરેલા વિચારોને કાયદાકીય રીતે પડકારતા હોય છે. જેમાં પોસ્ટ કરનાર વ્યક્તિ પર માનહાનિનો કેસ કરવામાં આવે છે. ખરેખર તો આવું થવું ના જોઈએ. ઘણા લોકો સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર પોતાના વિચારો વ્યક્ત કરવાની આકરી સજા હાલ લૉ હેઠળ ભોગવી રહ્યા છે.

**ઈન્ટરનેટ લૉ ના તજજ્ઞ ડૉ. નિખિલ મોરેએ સ્ટુડન્ટ્સ સાથે સોશિયલ નેટવર્કિંગ સાઈટના કાયદાઓ વિશે ડિસ્કશન કર્યું**